સૌરાષ્ટ્ર આસપાસ

# ટેકનોલોજી, સંસ્કાર અને સ્વનિર્ભરતા નૂતન અભિગમ

ભારત એક એવો દેશ છે જેનો પાયો તેના ગામડાઓમાં નખાયો છે. મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, "જો ગામડું નાશ પામશે તો ભારત પણ નાશ પામશે." ૨૧મી સદીના આધુનિક યુગમાં આ વિધાન વધુ પ્રાસંગિક બન્યું છે, કારણ કે રાષ્ટ્રનો સાચો વિકાસ ત્યારે જ શક્ય છે જ્યારે ગામડાઓ માત્ર વસ્તીના કેન્દ્રો મટીને આર્થિક અને સામાજિક ઉન્નતિના કેન્દ્રો બને. આધુનિક ભારતનું આદર્શ ગામ એટલે માત્ર ભૌતિક સુવિધાઓનું પ્રદર્શન નહીં, પરંતુ વિજ્ઞાન અને સંસ્કારનો એક એવો સુમેળ જ્યાં માનવી પ્રકૃતિની નજીક રહીને આધુનિકતાના તમામ લાભો મેળવી શકે. આ પરિવર્તનની પ્રક્રિયામાં સરકારી યોજનાઓ અને આધુનિક ટેકનોલોજી એક ચાલક બળ (Driving Froce) તરીકે ઉભરી આવ્યા છે, જે ગ્રામીણ જીવનશૈલીની વ્યાખ્યા બદલી રહ્યા છે.

આદર્શ ગામના નિર્માણમાં સૌથી પહેલું અને મહત્વનું સોપાન સરકારી કલ્યાણકારી યોજનાઓનું સફળ અને પારદર્શક અમલીકરણ છે. કેન્દ્ર સરકારની 'સાંસદ આદર્શ ગ્રામ યોજના' (SAGY) એ આ દિશામાં એક ક્રાંતિકારી પગલું છે. આ યોજના માત્ર માળખાગત વિકાસની વાત નથી કરતી, પરંતુ સામાજિક-આર્થિક ઉત્થાન પર ભાર મૂકે છે. જ્યારે કોઈ ગામ આ યોજના હેઠળ પસંદ કરવામાં આવે છે, ત્યારે ત્યાં પાકા રસ્તાઓનું જાળ બિછાવવામાં આવે છે, જે ગામને મુખ્ય ધોરીમાર્ગો અને શહેરી બજારો સાથે જોડે છે. ૨૪ કલાક અવિરત વીજળી પુરવઠો અને દરેક ઘરમાં નળ વાટે શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવું એ આધુનિક ગામની પ્રાથમિક ઓળખ બની ગઈ છે. આ સુવિધાઓને કારણે ગ્રામીણ જીવનની હાડમારીઓ ઓછી થઈ છે અને લોકોના સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

ડિજિટલ ક્રાંતિએ આદર્શ ગામની સંકલ્પનાને એક નવો આયામ આપ્યો છે. 'ભારત નેટ' પ્રોજેક્ટ દ્વારા દરેક ગ્રામ પંચાયતને હાઈ-સ્પીડ ફાઈબર ઓપ્ટિક્સથી જોડવામાં આવી રહી છે. આ કનેક્ટિવિટીને કારણે 'ઈ-ગ્રામ' (e-Gram) જેવી સેવાઓ ગ્રામજનો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. હવે ખેડૂતોએ સાત-બારના ઉતારા કે અન્ય સરકારી દાખલાઓ મેળવવા માટે દિવસો સુધી તાલુકા કચેરીઓના ધક્કા ખાવા પડતા નથી; તમામ સેવાઓ પંચાયત ઘરમાંથી જ આંગળીના ટેરવે ઉપલબ્ધ બની છે. વધુમાં, ટેલી-મેડિસિનના માધ્યમથી ગામડાનો દર્દી સીધો જ શહેરના નિષ્ણાત ડોક્ટરની સલાહ લઈ શકે છે, જે અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓની ખાઈને પૂરવાનું કામ કરે છે.

આર્થિક સશક્તિકરણની વાત કરીએ ત્યારે મહિલાઓની ભાગીદારી આદર્શ ગામનું અનિવાર્ય પાસું છે.હણોલ ગામમાં અનેક સખી મંડળો ચાલે છે અને બહેનો ત્યાં આત્મ નિર્ભર બન્યા છે.મહિલા સ્વસહાય જૂથો (SHG) એ ગ્રામીણ અર્થતંત્રમાં પ્રાણ ફૂંક્યા છે. બેંકો દ્વારા સરળ લોન અને કૌશલ્ય વર્ધનની તાલીમ મેળવીને મહિલાઓ હવે અગરબત્તી બનાવવા જેવા પરંપરાગત ઉદ્યોગોથી આગળ વધીને ટેકનિકલ અને વ્યવસાયિક ક્ષેત્રોમાં ડગ માંડી રહી છે. આર્થિક આઝાદીની સાથે તેમની સુરક્ષા માટે પણ ટેક્નોલોજીનો ઉપયોગ અનિવાર્ય બન્યો છે. ગામના જાહેર ચોકો અને સીમ વિસ્તારોમાં સીસીટીવી કેમેરાનું નેટવર્ક અને સોલર લાઈટ્સની રોશની રાત્રિના સમયે પણ ગામને સુરક્ષિત રાખે છે, જેનાથી મહિલાઓ અને બાળકો નિર્ભય બનીને હરી-ફરી શકે છે.યુવાધનની શક્તિનો સદુપયોગ એ કોઈપણ રાષ્ટ્રના ભવિષ્ય માટે ચાવીરૂપ છે. આદર્શ ગામમાં યુવાનોને ગામમાં જ તકો મળે તે માટે રમતગમત અને શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે.

# સંપત્તિ કરતાંય ચડિયાતી સમૃદ્ધિ છે 'સમય', જે સમયને સાચવે છે સમય એને સાચવે છે...

કરંટ ટોપિક

સમય બહુ મોટી સમૃદ્ધિ છે. એને વ્યર્થ જવા દેવી ન જોઈએ, વેડફી દેવી ન જોઈએ. જૈન પરંપરામાં સ્વયં ભગવાન મહાવીરદેવનું એક વાક્ય ખૂબ પ્રસિદ્ધ છે. શ્રી ઉત્તરાધ્યયનઆગમગ્રન્થમાં પ્રસ્તુત એ વાક્ય આ છે કે 'સમયં ગોયમ ! મા પમાયએ.' ભાવાર્થ કે હે ગૌતમ ! તું એક સમયનો પણ પ્રમાદ ન કરીશ. ધ્યાનમાં રહે જૈન કાળગણનામાં 'સમય' કાળનું સૌથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ-નાનામાં નાનું સ્વરૂપ છે. વર્તમાન વ્યવહારમાં જેને 'સેકન્ડ' કહેવાય છે તેટલા કાળમાં તો જૈન દ્રષ્ટિએ અસંખ્ય સમય પસાર થઈ જાય છે !

હોય ભલે એ પાસા પાડયા વિનાનો કાચો હીરો, પરંતુ જો અભણ-ગમાર ખેડૂતના હાથમાં હોય તો એ એનો ઉપયોગ પાક પર બેસતા પંખીઓને ઉડાડવા પથ્થરરૂપે જ કરે. હોય ભલે રૂા. પાંચસોની ગાંધી છાપ નોટનું બંડલ, પરંતુ એ સાવ અણસમજ છ-બાર માસના બાળકના હાથમાં હોય તો એ એનો ઉપયોગ મુખમાં નાખવારૂપે યા ફાડવારૂપે જ કરશે એ નક્કી. વસ્તુતઃ આ બન્ને ક્રિયા ઉપયોગ નથી, પરંતુ દુરૂપયોગ છે. અને એનું કારણ છે તે જેના હાથમાં છે એનામાં રહેલ વસ્તુની સાચી મહત્તાની સમજનો અભાવ.

આ કાચા હીરાની અને રૂા. પાંચસોની નોટના બંડલની જેમ કેટલીક વિશિષ્ટ બાબતો આપણને સહુને પણ એવી મળી છે કે જે ખૂબ મહત્વની છે - મૂલ્યવાન છે અને છતાં લગભગ મહદંશ વ્યક્તિઓને એની દરકાર નથી હોતી. ખૂબી ખરી એ છે કે આ મૂલ્યવાન-મહત્વની બાબતો સામાન્યથી લઈને અસામાન્ય અને અજ્ઞાથી લઈને પ્રાજ્ઞા સુધી સહુને ઉપલબ્ધ થાય છે. જે એનો સાર્થક સદુપયોગ કરી જાણે છે એ ઉન્નતિનાં આકાશમાં ઉડાન ભરી શકે છે. આવો, આપણે હવેથી કુલ પાંચ લેખોમાં 'સ' અક્ષરથી શરૂ થતી એ પાંચ વિશિષ્ટતાનું મજાનું દિગ્દર્શન કરીએ.

(૧) સમય :- જેઓ ઊંડું ચિંતન ધરાવતા નથી તેઓને એ સમજાતું નથી કે સમય એક ખૂબ મૂલ્યવાન સંપત્તિ છે. અમે તો એમ દ્રઢતાથી કહીએ છીએ કે સંપત્તિ કરતા સમય કૈંકગણી ચડિયાતી શ્રેષ્ઠ સમૃદ્ધિ છે. એક સરખામણી સમય અને સંપત્તિ વચ્ચે નિહાળીએ : સંપત્તિ એક વાર હાથમાંથી જાય તો ય પુનઃ પરત આવી શકે છે. અરે ! કેટલીક વાર તો એ બહુ ઝડપથી પણ પરત આવી શકે છે. શેરબજાર જેવો વ્યવસાય ધરાવતી વ્યક્તિઓનાં જીવનમાં આ વાસ્તવિકતા ખૂબ સ્પષ્ટ નિહાળવા મળી શકે. આના મુકાબલે સમયની ખાસિયત સાવ ન્યારી છે. એક વાર ગયેલો સમય ફરી ક્યારેય પરત આવી શકતો નથી : લાખ ઝંખના કરો તો ય અને લાખ ઉપાયો કરો તો ય. યાદ રાખજો કે ચેન પુલ કરવાથી ટ્રેન રીવર્સમાં આવી શકે છે, રીમોટનો ઉપયોગ કરવાથી ટી.વી.નાં દ્રશ્યો રિવર્સમાં આવી શકે છે; પરંતુ ગયેલો સમય કદી રિવર્સમાં આવી શકતો નથી.

બીજી વાત, કેટલોક સમય તો એવો હોય છે કે જો વ્યક્તિ એને નિરર્થક ગુમાવે તો એ પરત તો આવી શકતો નથી, ઉપરાંત જીવનભર નડયા કરે એવી ખોટ-અધૂરપ તે વ્યક્તિના લલાટે ઝીંકી જાય છે. ઉદાહરણરૂપે લઈએ પાંચથી વીસ વર્ષ સુધીનો અભ્યાસનો સમયખંડ. વ્યક્તિના આ સમયખંડને રખડપટ્ટી-પ્રમાદ-બેદરકારી વગેરે દ્વારા વેડફી નાંખે તો એનાં નુકસાન પૂરી જિંદગી નડયા કરે. વ્યક્તિ સૌની વચ્ચે ન સારી રીતે હિંદી-ઈંગ્લિશ જેવી ભાષામાં બોલી-લખી શકે, તો તે ભાષામાં કહેવાયેલ-લખાયેલ વાતો સમજી ન શકે. કમ્પ્યુટર જેવા વ્યવહારિક ક્ષેત્રનાં આવશ્યક સંસાધનોનો ઉપયોગ ન કરી શકે, તો ટેકનોલોજીની નવી નવી બાબતો સમજી ન શકે. અરે ! ટેકનોલોજીની ક્યાં વાત ? અકબર જેવો ઈતિહાસપ્રસિદ્ધ સમ્રાટ વિદ્યાર્થીકાળ વેડફવાનાં કારણે આજીવન અંગૂઠાછાપ અભણ રહ્યો હતો. એને પૂરી જિંદગી સ્વયં વાંચતા-લખતા આવડયું જ ન હતું ! વિદ્યાર્થીકાળનો સમય વેડફાય તો જીવનભર ન ભરપાઈ થઈ શકે તેવું કેવું ભયાનક નુકસાન થાય તે અકબરનાં જીવન પરથી સમજી શકાય છે.

ત્રીજી વાત, કેટલીક વાર કેટલાક કાર્યો વ્યક્તિનાં જીવન માટે અતિશય મહત્વનાં હોય છે અને એના માટે ચોક્કસ સમય જ ઉપયોગી થતો હોય છે. એ સમયે જો તે કાર્ય ન કરી લેવાય તો પછી એ કાર્યો થાય નહિ અને એની ઊણપ-ખોટ જીવનભર રહ્યા કરે. આવાં કાર્યો માટેના સમયને કહેવાય છે તક. એ તક જો સાચવી લેવાય તો તકદીર બદલાઈ જાય અને એ તક જો વેડફાઈ નંખાય તો તકલીફ સર્જાય. આ તક સાચવી લેવાનું કાર્ય પણ સમય સાચવનાર-સાવધાન રહેવાર જ મુખ્યત્વે કરી શકે. આળસુ-પ્રમાદી-બેદરકાર તક સાચવી શકતા નથી. આ સંદર્ભમાં યાદ રાખવા જેવું છે એક મસ્ત સુવાક્ય કે 'જે સમયને સાચવે છે, સમય એને સાચવે છે.'

હવે મૂળ વાત. સમયનો મહિમા સમજાયો તો ખરો, પરંતુ તેનો સદુપયોગ કરવો શી રીતે ? સંસારી વ્યક્તિને લક્ષ્યમાં રાખી મૂળ પ્રેક્ટીકલ વાત વિચારીએ તો એમ કહી શકાય કે વ્યક્તિ તેની આજીવિકાના-વ્યવહારિક કાર્યોમાં વિવેકપૂર્વક સમયનો ઉપયોગ કરે અને એ સિવાયનોસમય (એ) પ્રભુભક્તિમાં (બી) આત્મકલ્યાણકારક ધર્મસાધનામાં અને (સી) સેવા-પરોપકારનાં કાર્યમાં ઉપયોગી કરે.

આ પંક્તિ શ્વાસોશ્વાસ પ્રભુનામથી મંડિત કરી દેવાનું કહી પ્રભુભક્તિથી સમયનો સદુપયોગ કરવાનું જણાવે છે. તો સંસ્કૃત સુભાષિતના 'ધર્મોમિત્રં મૃતસ્ય ચ.' જેવી પંક્તિ એમ કહે છે કે પરલોકમાં તો ધર્મ જ એકમાત્ર મિત્ર છે. એના સિવાય કોઈ સાથી-સંગાથી નથી. માટે જીવનનો સમય ધર્મથી મંડિત કરી દઈ એનો સદુપયોગ કરો. ત્રીજી વાત છે સેવા-પરોપકારની. એ ક્યારેક ક્યારેક જીવનની દશા-દિશા કેવી ધરમૂળથી બદલી નાંખે એ જાણવું છે ? તો વાંચો આ અદ્ભુત સત્ય ઘટના :

કચ્છનું નલિયા ગામ. ત્યાં લીલાધર ગડા નામે સેવાભાવી સજ્જને નિઃશુલ્ક નેત્ર યજ્ઞાનો કેમ્પ યોજ્યો હતો. ડોક્ટરોની ટીમ આંખોની પરિસ્થિતિ તપાસે, નાની સારવાર ત્યાં જ કરી આપે અને મોટાં ઓપરેશન જેવું લાગે તો નિદાન લખી આપે. દાયકાઓ પૂર્વેની આ વાત સમયે સારવારના ખર્ચ પ્રમાણમાં સસ્તા હતા.

કેમ્પમાં એક ડો. અજયપાલસિંઘે એક ગરીબ બેન માટે નિદાન કર્યું કે, 'આમને સારવાર માટે રાજકોટ લઈ જવા જોઈએ. ત્યાં હોસ્પિટલ-દવા વગેરે ફ્રી છે. પરંતુ આવવા-જવાનો વગેરે ખર્ચ રૂા. ૧૦૦૦ થાય. આમની સ્થિતિ એટલો ય ખર્ચ કરી શકે તેવી નથી. શું કરીશું ?' આ શબ્દો ત્યાં રહેલ એક ભાઈએ સાંભળ્યાં. એમણે તુર્ત ૧૦૦૦ રૂા. આપ્યા અને બેનનું કાર્ય થઈ ગયું. તેમનું ઓપરેશન પણ રાજકોટમાં સસ્કેસ થયું. એમને નેત્રજયોતિ પરત મળી. ખૂબ ખુશ થયેલ બેન પેલા ભાઈના ઘરે જઈને કહે : 'તમે મને નવજીવન આપ્યું છે. તમારો એક ફોટો આપો, મારે પૂજાકબાટમાં ઠાકોરજીની બાજુમાં એ મૂકવો છે. ઠાકોરજીની સાથે રોજે એને પણ અગરબત્તી-દીવો કરીશ.'આ શબ્દોએ ભાઈનાં આંતરચક્ષુ ઉઘાડી દીધા. કેમકે એ દાણચોરીનો વ્યવસાય કરતા હતા. ભીતરમાં ઝટકો લાગ્યો કે 'આ બેન મને ભગવાન જેવો માને અને હું આવા ખોટા ધંધા કરું એ કેમ ચાલે ?' એ દિવસથી એણે દાણચોરીનો વ્યવસાય કાયમ માટે છોડી દીધો ! એક વર્ષ પછી ભાઈની પત્ની મૃત્યુ પામી. તો એ 'ભલું થયું ભાંગી જંજાળ' માની હરિદ્વાર જતા રહ્યા. ત્યાં માત્ર ભક્તિમાં મન પરોવી જીવનનો શેષ દાયકો વીતાવ્યો. : જાણે વાલિયો લૂંટારો વાલ્મીકિ ઋષિ બની ગયો ! પરોપકારનો આ પ્રભાવ હતો.

# આયુર્વેદિક ઔષધિઓના રોપા અને બોન્સાઈ છોડનો વધતો વ્યાપ

ઉનાળાના બળબળતી ગરમીમાંથી કંટાળેલા લોકોને ઝરમર મેહુલિયો વરસતા મનને થોડી હળવાશની અનુભૂતિ થાય છે. વરસાદના આહલાદક આનંદથી જેમ માનવ મન ઝૂમી ઉઠે છે તેમ ફૂલ, ઝાડ પણ મોહરી ઉઠે છે.

અત્યારે ફ્લેટ , ટેનામેન્ટ, એપાર્ટમેન્ટ, ફાર્મ હાઉસ કે પછી પોતાના ઘર આગળ ખુલ્લુ ચોગાન ધરાવતા સૌ કોઈ ફૂલ-ઝાડના શોખીન વરસાદ પડતાં પોતાના ઘરમાં પ્લાન્ટેશન માટે રોપાઓ ખરીદવા લાગ્યા છે. વરસના આડા દિવસો કરતા જૂન-જુલાઈ મહિનામાં વૃક્ષપ્રેમી લોકો પોતાના ઘરમાં (ઈનડોર) કે ઘરની બહાર બગીચામાં (આઉટડોર, પ્લાન્ટેશન) માટે જુદા જુદા પ્રકારના ફૂલ છોડ ખરીદે છે. મુંબઈના ગીરગામ વિસ્તારમાં રહેતા રીનાબેન પટેલ કહે છે કે, ''મને નાનપણથી જુદા જુદા પ્રકારનાં ફૂલ ઉછેરવાના શોખ છે. દર વર્ષે હું નવા નવા પ્રકારનાં ફૂલોનાં રોપા ખરીદી ઘરની આગળ બગીચામાં રોપું છું. આ વર્ષે મેં રાતરાણી, જુઈ, ચમેલી અને ગુલતોરા જેવા છોડ ખરીદ્યા છે.''

વરસાદ પછીની આ સીઝનને લોકો રોપા રોપવા માટે આદર્શ માને છે. આ વિશે એક નર્સરીના સંચાલક કહે છે કે, ''ચોમાસામાં કુદરતી પાણી મળે છે, તાપ ઓછો હોય છે અને વાતાવરણ સારું હોય છે, જેથી છોડનો વિકાસ સારી રીતે થઈ શકે છે.'' વરસના અન્ય મહિનાઓ કરતા જૂન મહિનામાં પ્લાન્ટેશન વધારે થાય છે. વધુમાં તેઓ કહે છે કે, ''ચોમાસામાં હવામાન ભેજવાળું હોય છે તેમ જ સૂર્યપ્રકાશ ઓછો હોવાથી છોડને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે અને જમીન નરમ હોવાથી છોડનાં મુળીયા પણ સહેલાઈથી માટી સાથે ચોંટી જાય છે.''

સામાન્ય રીતે ઈન્ડોર અને આઉટડોર એમ બે પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવે છે. જોકે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જેવા શહેરોના અમુક વિસ્તારોમાં આઉટડોર પ્લાન્ટેશન વધુ જોવા મળે છે. આ વિષે વડોદરાના અલકાપુરીમાં રહેતા મીના બહેન કહે છે કે, ''હું દર વર્ષે મારા બગીચામાં નવા નવા પ્લાન્ટેશન કરું છું. આ છોડને કારણે અમને ફ્રેશ હવા મળી રહે તેમ જ પર્યાવરણની જાળવણી પણ થાય તે માટે પ્લાન્ટેશનને વધારે મહત્ત્વ આપું છું.'' તેમને એકઝોરા, જાસુદ, પારિજાત અને ગ્લેડીએટર નામનાં છોડ વધારે પસંદ છે. જો કે હાલમાં અમદાવાદમાં તો આઉટડોર પ્લાન્ટેશન ફેક્ટરી, દવાખાના, ફાર્મહાઉસ અને મોટા બંગલાઓના ચોગાનોમાં થાય છે. ક્યારેક લોકો પોતાનાં બંગલાને રંગબેરંગી ફૂલોથી સુશોભિત કરવા વિવિધ પ્રકારનાં ફૂલોનાં પ્લાન્ટેશન પણ કરતાં હોય છે. આ અંગે વાત કરતા મણીનગરની એક નર્સરીના સંચાલક કહે છે કે, ''અમદાવાદમાં આઉટડોર



પ્લાન્ટેશન વધારે થાય છે. કેમ કે એકઝોરા, જુઈ, ચમેલી, ગુલમહોર, વગેરેનો ઉછેર પણ અહિંયા જ થાય છે અને છોડને અનુકૂળ હવામાન પણ મળી રહે

વિશેષ

છે. તેમ જ વરસાદની સીઝનમાં ફૂલો પણ આવે છે, તેથી નેચર પ્રેમીઓ આ સીઝનમાં પોતાના ઘરના બગીચા કે કંપાઉન્ડમાં વિવિધ પ્રકારનાં ફૂલોનું પ્લાન્ટેશન કરે છે.'' ઈન્ડોર પ્લાન્ટેશન વિશે વાત કરતા તેઓ વધુમાં કહે છે કે, ''ડ્રેસીના, ડાયફન બેકીયા, એકલીફા વગેરે ઈન્ડોર પ્લાન્ટેશન પુના, બેંગલોર, કોલકાતા વગેરે જગ્યાએથી મંગાવવામાં આવે છે. પણ આ છોડને અહિંયાનું હવામાન અનુકૂળ આવતું ન હોવાથી લાંબા સમય સુધી ટકી શકતા નથી.'' તેઓ ઉમેરે છે કે, 'એપાર્ટમેન્ટ કે ફ્લેટમાં સંકડાશને લીધે પણ ઈન્ડોર પ્લાન્ટેશનનું પ્રમાણ ઓછું છે. તેમ છતાંય અનેક લોકો તે કરતા હોય છે તેમાં કોઈ બે મત નથી.''

જોકે તેની સાથે ઈન્ડોર પ્લાન્ટેશન માટે પણ અનેક લોકો પોતાની રીતે નાના નાના કુલડા કે પછી કુંડા ખરીદીને તેમાં અવનવા છોડ વાવતા હોય છે. આ વિષે એક ગૃહિણી કહે છે કે, ''હું દરેક ચોમાસામાં તુલસીથી માંડી, ગુલાબના છોડ બોન્સાઈપ્લાન્ટ વગેરે જેવાં રોપા વાવું છું. ગયે વર્ષે પણ જૂન મહિનાના મધ્યમાં મેં ઈન્ડોર પ્લાન્ટેશન કર્યું હતું.'' આ પ્રકારના પ્લાન્ટેશન માટે લોકો પોતાના ફ્લેટની ગેલેરીમાં આવા નાના છોડ મૂકી દેતા હોય છે જેતી તેમને સારી રીતે હવા-પાણી અને સૂર્યપ્રકાશ મળતો રહે.અમુક નર્સરી સંચાલકો પ્રમાણે દર જૂન મહિનામાં તેમના ધંધામાં લગભગ ૮૦થી ૯૦ ટકાનો વધારો થઈ જાય છે. આ વિષે એક નર્સરી સંચાલક કહે છે કે, ''લોકો સીધા અમારી પાસે ખરીદવા માટે નથી આવતા પરંતુ લારી પર ફૂલ છોડ વેચતા લોકો મોટી સંખ્યામાં અમારાથી આ સીઝનમાં વિવિધ છોડ ખરીદી જાય છે. જેથી હોલસેલમાં અમારા ધંધામાં લગભગ ૮૦ થી ૯૦ ટકાનો વધારો થઈ જાય છે.

# હેલ્થ, વેલ્થ અને હેપીનેસ માટે પ્રાકૃતિક ખેતી અપનાવો

આધુનિક જીવનની ભૌતિક સુખસગવડોની દોડમાં આપણે પ્રકૃતિ સાથેનો સંવેદનશીલ સંબંધ ભૂલી ગયા છીએ. અવિચારી વનનાશ, ઔદ્યોગિક પ્રદૂષણ અને કૃષિમાં રસાયણોનો અતિશય ઉપયોગ એ પાણી, હવા

**પ્રાકૃતિક ખેતી માત્ર એક ખેતી પદ્ધતિ નથી, પણ આરોગ્ય, પર્યાવરણ અને સામાજિક ન્યાયને જોડતી એક સમગ્ર જીવનશૈલી અને દર્શન છે.**

અને જમીનને પ્રદૂષિત કરી રહ્યા છે. વધુ ઉત્પાદનની લાલચે રાસાયણિક ખાતર, જંતુનાશકો અને જનીન રૂપાંતરિત બિયારણોએ કુદરતી સંતુલનને ડામવામાં આવ્યું છે. આ વિકાસ મોડેલના પરિણામસ્વરૂપ આરોગ્ય સંકટ, પર્યાવરણીય અવનતિ અને ખેડૂતોનું આર્થિક સંકટ સર્જાયું છે. આ સંદર્ભમાં, પ્રાકૃતિક ખેતી એકમાત્ર ટકાઉ અને સંપૂર્ણ વિકલ્પ તરીકે ઊભી થાય છે.

પ્રાકૃતિક ખેતી એક સમગ્ર દ્રષ્ટિકોણછે.

પ્રાકૃતિક ખેતી એટલે પ્રકૃતિના નિયમો અને સંતુલનને આધાર બનાવીને કરવામાં આવતી ખેતી. તેમાં કોઈપણ પ્રકારના સિન્થેટિક રાસાયણિક ખાતર, જંતુનાશકો, ફૂગનાશકો કે જનીન રૂપાંતરિત બિયારણોનો ઉપયોગ નથી થતો. આ પદ્ધતિ જમીનને માત્ર એક 'ઉત્પાદન મશીન' નહીં, પરંતુ એક 'જીવંત સત્તા' અને 'માતા' તરીકે માને છે. તેનો મૂળ ઉદ્દેશ્ય જમીનમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓ, કૃમિઓ અને અન્ય જીવોના સ્વાસ્થ્યને જાળવવાનો છે, જે જમીનની લાંબા ગાળાની ઉપજાઉ શક્તિ માટે આવશ્યક છે.

પ્રાકૃતિક ખેતીનો આધાર સ્થાનિક સંસાધનો અને પરંપરાગત જ્ઞાન પર હોય છે. ગાય આધારિત ખેતી, જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, આચ્છાદન , પાક ચક્ર અને મિશ્ર ખેતી જેવી પદ્ધતિઓ તેના મુખ્ય સાધનો છે. આ પદ્ધતિઓ ખેતી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરે છે, કારણ કે ખેડૂત પોતે જ ઘરેલું ખાતર અને જૈવિક નિયંત્રણો તૈયાર કરી શકે છે. આખરે, પ્રાકૃતિક ખેતી માત્ર એક ખેતી પદ્ધતિ નથી, પણ આરોગ્ય, પર્યાવરણ અને સામાજિક ન્યાયને જોડતી એક સમગ્ર જીવનશૈલી અને દર્શન છે.

રાસાયણિક ખાતરો એમ કહી શકાય કે તે એક ભ્રામક શરૂઆત છે પણ તેનો વિનાશક અંત આવી રહ્યો છે.

રાસાયણિક ખાતરોની શોધને ખેતી ક્ષેત્રે ક્રાંતિકારી વળાંક ગણવામાં આવી હતી. જસ્ટસ વોન લીબીગ જેવા વૈજ્ઞાનિકોએ પોષક તત્વોની ઝડપી પૂર્તિનો માર્ગ ખોલ્યો, જેથી ટૂંકા ગાળે ઉત્પાદનમાં ભારે વધારો થયો. જોકે, સમય જતાં આ 'સરળ ઉકેલ'ની વિનાશક આડઅસરો સામે આવી. અતિશય અને અસંતુલિત ઉપયોગથી જમીનની રચના નષ્ટ થઈ, તેની જીવંતતા (માઈક્રોબિયલ જીવન) નાશ પામી અને જમીન એક મૃત, રસાયણો પર આધારિત માધ્યમ બની ગઈ.

રાસાયણિક ખાતરોનું જમીનમાંથી ધોવાઈ જઈને ભૂગર્ભજળમાં પ્રવેશવું એ એક ગંભીર સમસ્યા છે, જે પીવાના પાણીને નાઈટ્રેટ જેવા ઝેરી તત્વોથી દૂષિત કરે છે. આ પોષક તત્વો ખાદ્ય સાંકળમાં પ્રવેશીને માનવ આરોગ્ય પર ગંભીર પ્રભાવ પાડે છે. લાંબાગાળાનું સંતુલિત પોષણ ન મળવાથી ઉત્પાદિત અનાજમાં પોષકતત્વોની ઘટાડો થાય છે, જેને 'ખાલી કેલરી'ની સમસ્યા તરીકે ઓળખવામાં આવે છે. આ પદ્ધતિએ ખેડૂતને કંપનીઓ પર નિર્ભર બનાવ્યો છે અને ખેતી ખર્ચ વધાર્યો છે.

જંતુનાશકો એટલે ચોરને પકડવા ઘર જ ફૂંકવા જેવું કાર્ય છે. જંતુનાશકો અને ફૂગનાશકોનો અતિશય ઉપયોગ રાસાયણિક ખાતરોથી પણ વધુ ભયાનક પરિણામો લાવ્યો છે. આ રસાયણો માત્ર લક્ષિત જીવાણુઓને જ નહીં, પરંતુ જમીનના ઉપયોગી સૂક્ષ્મ જીવાણુઓ, મધમાખીઓ જેવા પરાગણકારીઓ અને અન્ય લાભકારી જીવોને પણ નષ્ટ કરે છે. આના કારણે પરિસ્થિતિકીય સંતુલન ભાંગે છે અને પરિણામે નવા અને વધુ તીવ્ર જંતુઓનો ઉદભવ થાય છે, જેને 'પેસ્ટ સાઈકલ' કહેવાય છે.

આ રસાયણોનાં અવશેષો ખાદ્ય પદાર્થો પર રહી જાય છે, જે સીધા માનવ શરીરમાં પ્રવેશે છે. આ અવશેષો

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

કર્કરોગ, હોર્મોનલ અસંતુલન, ન્યુરોલોજિકલ વિકારો, જન્મજાત ખામીઓ અને પ્રજનન સમસ્યાઓ સાથે સીધો સંબંધ ધરાવે છે. જમીન અને પાણીમાં એકત્રિત થઈને આ રસાયણો લાંબા સમય સુધી પર્યાવરણમાં રહે છે, જે આવનારી પીઢીઓ માટે પણ જોખમ રૂપ બને છે.

જનીન રૂપાંતરિત (જી) બિયારણ મોટી સમસ્યા બન્યું છે.તે એક અનિશ્ચિત ભવિષ્યનો સોદો છે.

જનીન રૂપાંતરિત બિયારણોને ઉત્પાદન અને જંતુ-પ્રતિરોધકતા વધારવાનું વચન આપવામાં આવ્યું હતું. પરંતુ, તેના ગંભીર નકારાત્મક પરિણામો સામે આવ્યા છે. જી પાકો પરંપરાગત બિયારણોનું સ્થાન લેતાં, જૈવિક વિવિધતાનો ભારે નાશ થાય છે. આ વિવિધતા જ કુદરતી આપત્તિઓ સામે પાકની રોગપ્રતિકારક શક્તિનો આધાર છે.

ખેડૂતોને દર વર્ષે નવા જી બિયારણો ખરીદવા પડે છે, જેથી તેમની કંપનીઓ પર નિર્ભરતા વધે છે અને ખર્ચ વધે છે. જી પાકોની આસપાસ ઉગતા કુદરતી પાકો પર 'જનીન પ્રદૂષણ'નો ડર રહે છે. આથી વંશાનુગતિક રીતે ફેરફાર કરાયેલા આહાર પદાર્થોના માનવ આરોગ્ય પર લાંબા ગાળાના પ્રભાવ અંગે હજુ પણ ગંભીર શંકાઓ બાકી છે.

પ્રાકૃતિક ખેતી વિશે એમ કહી શકાય કે તે એક સમગ્ર સમાધાનો ધરાવતો માર્ગ છે.

ઉપરોક્ત સમસ્યાઓના સંદર્ભમાં, પ્રાકૃતિક ખેતીનું મહત્વ અને ફાયદા સ્પષ્ટ થાય છે. તેના ફાયદા નીચે મુજબ છે.

૧. આરોગ્ય લાભ: ઝેરમુક્ત, પોષકતત્વોથી ભરપૂર અને સાત્વિક આહાર પૂરો પાડે છે, જે રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને ચૈતન્યદાયક જીવનશૈલીનો આધાર બને છે.



૨. પર્યાવરણીય ટકાઉપણું: જમીનની ફળદ્રુપતા અને જીવંતતા સુરક્ષિત રહે છે. પાણીનું પ્રદૂષણ ઘટે છે, ભૂગર્ભજળનું પુનઃભરણ વધે છે અને કાર્બન પદચિહ્નો ઘટે છે. જૈવવિવિધતાનું સંરક્ષણ થાય છે.

૩. આર્થિક સ્વાવલંબન: બાહ્ય ઈનપુટ પર નિર્ભરતા ઘટવાથી ખર્ચ ઘટે છે. સ્થાનિક બજારોને પ્રોત્સાહન મળે છે. લાંબા ગાળે જમીનની ઉત્પાદકતા જળવાઈ રહેતાં ખેડૂતની આવક સ્થિર રહે છે.

૪. સામાજિક સબળીકરણ: તે સમુદાય આધારિત ખેતીને પ્રોત્સાહન આપે છે, પરંપરાગત જ્ઞાનને સંરક્ષિત કરે છે અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવે છે.

અમૃત આહાર મહોત્સવ: એક જીવંત ઉદાહરણ છે.'પ્રાકૃતિક ખેતી જૂથ, મીઠીવીરડી' જેવા સમૂહો આ દિશામાં પ્રેરણાદાયી કાર્ય કરી રહ્યા છે. તેઓ દ્વારા આયોજિત 'અમૃત આહાર મહોત્સવ' જેવા કાર્યક્રમો પ્રાકૃતિક ઉત્પાદનો, સાત્વિક આહાર અને જાગૃતિને પ્રોત્સાહન આપવાનું એક માધ્યમ બની રહ્યા છે. આવી પહેલ સમાજને એકઠા થઈને વૈકલ્પિક માર્ગ અપનાવવા માટે પ્રેરિત કરે છે.

આ પસંદગીનો સમય છે. આપણે શું કરવું જોઈએ. રાસાયણિક ખેતી અને પેસ્ટીસાઈડ સહિતના આધુનિક ઉપચારો વધુ ઉત્પાદન આપશે પરંતુ તેમાં અનેક માનવીઓના આરોગ્ય સામે પ્રશ્નો ઊભો થશે બીજી બાજુ પ્રાકૃતિક ખેતી છે જે સમગ્ર સમાજના આરોગ્યને એક સારી દિશા આપે છે અને એક તંદુરસ્ત સમાજનું નિર્માણ કરે છે.રાસાયણિક ખેતીની માર્ગદર્શિકા આપણને એક અટવાયેલા માર્ગ પર લઈ આવી છે, જ્યાં આરોગ્ય, પર્યાવરણ અને અર્થતંત્ર ત્રણેય સંકટમાં છે. પ્રાકૃતિક ખેતી આ પાસાને ફેરવવાની અને પ્રકૃતિ સાથે સુમેળ સાધવાની શક્તિ ધરાવે છે. તે આપણી જમીનને પુનઃજીવિત કરી, આપણા શરીરને શુદ્ધ અન્ન આપી અને આવનારી પીઢીઓ માટે સ્વચ્છ પર્યાવરણ સુરક્ષિત કરી શકે છે. હવે નિર્ણયનો સમય છે - એક લાભ-કેન્દ્રિત અને વિનાશક ભૂતકાળને ચાલુ રાખવો, અથવા સહઅસ્તિત્વ, સ્વાવલંબન અને સંપૂર્ણ આરોગ્ય તરફ દોરી જાય તેવા પ્રાકૃતિક માર્ગની પસંદગી કરવી. પ્રાકૃતિક ખેતી કોઈ વૈકલ્પિક પદ્ધતિ નથી; તે એક આવશ્યકતા અને આપણા અસ્તિત્વનો માર્ગ છે.